BRAMPTON Service and Information Update

# બ્રેમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસ ચર્ચવિલ વિસ્તારમાં હાથ ધરાયેલ પૂરનો સામનો કરવાના પ્રયાસોને પુનઃપ્રાપ્તિના પ્રયાસોમાં પરિવર્તિત કરે છે

બ્રેમ્પટન, ઓન્ટારિયો (23 ફેબ્રુઆરી 2022) – આજે, સીટી ઓફ બ્રેમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસના ઈન્સિડેન્ટ કમાંડર, ફાયર ચીફ બિલ બોય્ઝ દ્વારા કઢાયેલ નિષ્કર્ષ તે હતો કે ચર્ચવિલ વિસ્તારના કટોકટીના હિસ્સાના પૂર પ્રયાસો અને પ્રચાલનો પુનઃપ્રાપ્તિના ચાલી રહેલા પ્રયાસોમાં પરિવર્તિત થઈ ચુક્યા છે.

આજે ચર્ચવિલના વિસ્તારના તમામ રહેવાસીઓ પોતાના ઘરે પાછા વળી શક્યા છે.

સિટીની પબ્લિક વર્ક્સ અને ઈજનેરી ટીમ અને બ્રેમ્પટન ઈમર્જન્સી મેનેજમેન્ટ ઓફિસ તેમના પુનઃપ્રાપ્તિના પ્રચાલનો ચાલુ રાખશે જેમાં સામેલ છે બરફ દૂર કરવો, સાફ સફાઈના પ્રયાસો અને અનિવાર્ય યુટિલિટીની સેવાઓના સંકલન અંગે સ્થાનિક રહેવાસીઓને મદદ.

ચર્ચવિલ બ્રિજ પર વાહનોની યાતાયાત હજુ બંધ છે અને ક્રેડિટવ્યુ રોડ ફક્ત સ્થાનિક યાતાયાત માટે ખુલ્લો છે. ચર્ચવિલ પાર્ક સાઉથ આ સમયે હજું બંધ છે અને સિટીના પાર્કના કર્મચારીઓ વિસ્તારના પુનરુત્થાનની યોજના પર ક્રેડિટ વેલિ કન્ઝર્વેશન સાથે મળી સઘન રીતે કાર્ય કરશે. નુકસાન પામેલ રોડવે અને શોલ્ડરોનું સમારકામ ઉનાળાના મહિનાઓમાં હાથ ધરાશે.

આવતા દિવસોમાં વધુ વરસાદની આગાહી નથી જોકે હવામાનની ભાત બદલાઈ શકે છે. રહેવાસીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે કે હવામાનના બદલાતા જતા રૂપ પર દેખરેખ રાખે અને શું તેમની મિલકત પર સંલગ્ન પ્રભાવ પડશે કે કેમ.

સંભવિત નાણાકીય સહાય માટે ડિઝાસ્ટર રિકવરી આસિસ્ટન્સ ફોર ઓન્ટારિયન્સ પ્રોગ્રામના (DRAO) માધ્યમથી વિસ્તારની આકારણી કરવા માટે આવતીકાલે પ્રાંતીય આપત્તિ સહાય ટીમ ઘટનાસ્થળે હશે.

સિટી ઓફ બ્રેમ્પટન અમારી સહયોગી સંસ્થાઓનો આભાર માને છે જેમકે રિજન ઓફ પીલ, પીલ રિજનલ પોલીસ, ક્રેડિટ વેલિ કન્ઝર્વેશન, ઈલેક્ટ્રિકલ સેફ્ટી ઓથોરિટી, એનબ્રિજ, અલેક્ટ્રા, અમારા સામુદાયિક સહયોગીઓ ગ્લોબલ મેડિક અને ખાલસા એઈડ, અને સહયોગી કોન્ટ્રેક્ટરો જેમની આ કટોકટી દરમિયાન મળેલ સમર્પિત સહાય અમૂલ્ય છે.

-30-

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ બ્રેમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca